# રાજકોટ મહાનગરપાલિકા

## રેસકોર્ષ સંકુલ

### શ્રી વીર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ, રાજકોટ.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જિમ ખાતે તદ્દન હંગામી ધોરણે ૧૧(અગિયાર) માસના કરાર આધારીત માનદ વેતનથી જિમ ઇન્સ્ટ્રકટર તરીકે પુર્ણ સમય માટે ભરતી કરવા નીચે મુજબની લાયકાત તથા અનુભવ ધરાવતા ઇચ્છુક ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં તા.૨૦/૦૫/૨૦૨૬ સુધીમાં કચેરી કામકાજના સમય દરમિયાન ફક્ત સ્પીડ પોસ્ટ મારફત ઉપર જણાવેલ સરનામે મળે તે રીતે અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | લાયકાત તથા અનુભવ | માસિક માનદ વેતન રૂ. |
|---|---|---|---|---|
| ૦૧ | ચીફ જિમ ઇન્સ્ટ્રકટર | ૦૧ (પુરૂષ) | જિમ ઇન્સ્ટ્રક્ટર તરીકે ઓછામા ઓછો ૦૫(પાંચ) વર્ષનો અનુભવ | ૨૨,૦૦૦/- (ફિક્સ) |
| ૦૨ | જિમ ઇન્સ્ટ્રક્ટર | ૦૨ (પુરૂષ)<br>૦૧ (સ્ત્રી) | જિમ ઇન્સ્ટ્રક્ટર તરીકે ઓછામા ઓછો ૦૨(બે) વર્ષનો અનુભવ | ૧૬,૦૦૦/- (ફિક્સ) |

આ જાહેરાત અંગેની વધુ વિગતો, અરજી ફોર્મ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in, Recruitment section પરથી મળી/ડાઉનલોડ કરી શકાશે.

સહિ : એસ. જે. ધડુક<br>
નાયબ કમિશનર(હેડ ક્વાર્ટર)<br>
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

શ્રી વિર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ સંકુલ, રાજકોટ.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જિમ ખાતે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે જિમ ઇન્સ્ટ્રકટર ભરતી માટે અરજી કરવાનુ કરવા અંગેનુ અરજી પત્રક

ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડી તેના પર સહી કરવી

| | | | |
|---|---|---|---|
| અરજી કરેલ જગ્યાનું નામ: | | | |
| ઉમેદવારનું પુરૂ નામ : | નામ | પિતા/પતિનું નામ | અટક |
| | | | |
| પત્રવ્યવહારનું પુરૂ સરનામું: | | | |
| જન્મ તારીખ : | તારીખ | માસ | વર્ષ |
| | | | |
| મોબાઇલ નંબર | | | |

**શૈક્ષણિક લાયકાત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી**

| ક્રમ | મેળવેલ ડીગ્રી | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|
| | | | |
| | | | |

**અનુભવની વિગત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી**

| ક્રમ | સંસ્થા/પેઢી/કચેરીનું નામ સરનામું | હોદ્દો | પગાર રૂ. | અનુભવનો સમયગાળો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

| | |
|---|---|
| અન્ય વિગતો : | |
| | |

::સોગંદનામું ::

હું આથી એકરાર કરૂ છું કે, મેં ઉપર જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી અને સંપૂર્ણ છે. જો ખોટી જણાય તો મારી સામે જે પગલાં લેવાય તે મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના પ્રવર્તમાન અને વખતો-વખત થનાર તમામ નિયમોનું પાલન કરવા હું આથી લેખિત બાહેંધરી આપું છું.

| | |
|---|---|
| તારીખ : | |
| સ્થળ : | |

ઉમેદવારની સહી :-________________________

ઉમેદવારનું નામ:- ________________________

રાજકોટ મહાનગરપાલિકા જિમ ઇન્સ્ટ્રકટર ભરતી માટેના સામાન્ય નિયમો :

| જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત તથા અનુભવ | માસિક માનદ વેતન રૂ! (ફિક્સ) |
|---|---|---|---|
| ચીફ જિમ ઇન્સ્ટ્રક્ટર | ૦૧(પુરુષ) (ફુલ ટાઇમ) | જિમ ઇન્સ્ટ્રક્ટર તરીકે ઓછામાં ઓછો ૦૫ વર્ષનો અનુભવ ફરજીયાત | ૨૨,૦૦૦/- |
| જિમ ઇન્સ્ટ્રક્ટર | ૦૨(પુરુષ) (ફુલ ટાઇમ) | જિમ ઇન્સ્ટ્રક્ટર તરીકે ઓછામાં ઓછો ૦૨ વર્ષનો અનુભવ ફરજીયાત | ૧૬,૦૦૦/- |
| | ૦૧(સ્ત્રી) (ફુલ ટાઇમ) | જિમ ઇન્સ્ટ્રક્ટર તરીકે ઓછામાં ઓછો ૦૧ વર્ષનો અનુભવ ફરજીયાત | |

- અન્ય કોઇ સિધ્ધિ મેળવેલ હોય, તો તેના પ્રમાણપત્રો સામેલ રાખવા.

શરતો :

૧. ઉમેદવારે પસંદગી પામ્યા બાદ નિમણુંક હુકમ મળ્યેથી દિવસ-૭ માં હાજર થવાનું રહેશે. જેમાં નિષ્ફળ જશે તો તેઓના પૂરતો આ હુકમ રદ્દ ગણી અન્ય ઉમેદવાર અંગે વિચારણા હાથ ધરવામાં આવશે.

૨. આ નિમણુંક તદ્દન હંગામી હોય જે ધ્યાને લઈ ઉમેદવારને ઉમેદવારી કરવા સલાહ આપવામાં આવે છે, જે અંગે નિમણુંક થયેથી આ સાથે સામેલ નિયત નમૂનાનું કરારનામું ફરજીયાત કરાવવાનું રહેશે.

૩. નિમણૂંક પામનારને ૧૧(અગીયાર) માસ માટે તદ્દન હંગામી ધોરણે માનદ વેતનથી નિમણુંક આપવામાં આવશે. આ માનદ વેતન સિવાય અન્ય કોઈપણ પ્રકારના આર્થિક કે અન્ય લાભ કે ભથ્થાઓ મળવાપાત્ર રહેશે નહિં. આ કરારનો સમયગાળો પૂર્ણ થયેથી મજકુર આપોઆપ છુટા થયેલા ગણાશે.

૪. ઉમેદવારની ૧૧(અગીયાર) માસની કામગીરી પૂર્ણ થયા બાદ તેઓની સેવાની સમીક્ષા કર્યા બાદ કામગીરી જો સંતોષકારક જણાશે તો તેઓને એક(૧) અઠવાડીયાનો કુલિંગ પીરીયડ ગણી ફરી ૧૧(અગીયાર) માસ માટે નિમણુંક આપવા વિચારણા કરી શકાશે, અથવા નવેસરથી ભરતી કરવા અંગેની કાર્યવાહિ કરવામાં આવશે, જે અંગેનો રાજકોટ મહાનગરપાલિકા નો નિર્ણય આખરી રહેશે, જે અંગેનો કોઈ દાવો માન્ય ગણાશે નહિં.

૫.ઉક્ત સમયગાળા દરમિયાન કોઈપણ સંજોગોમાં વેતન વધારો કરવામાં આવશે નહિં તથા તે અંગેની કોઈપણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં.

૬. કરારના સમયગાળા દરમિયાન દર માસે ૧(એક) પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર રહેશે નહિં. જે રજા સિવાયની ગેરહાજરીનો પગાર કપાત કરવામાં આવશે.

૭. ઉમેદવારને નિમણુંકવાળી જગ્યા પર હાજર થતી વખતે જન્મ તારીખના આધારભુત પુરાવા, શૈક્ષણિક લાયકાત તથા અન્ય જરૂરી આધાર પુરાવા અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ જ હાજર કરવામાં આવશે.

૮. ચાલુ નોકરી દરમિયાન ઉમેદવાર સ્વેચ્છાએ રાજીનામું આપવા માંગતા હોય તો નિમણુંક આપનાર સત્તાધિકારીને લેખિત ૧(એક) માસની નોટીસ અથવા ૧(એક) માસનો નોટીસ પે જમા કરાવી રાજીનામું મંજુર થયા બાદ છુટા થઇ, કરાર સમાપ્ત કરી શકશે.

૯. ઉમેદવારે હાજર થયા તારીખથી દિવસ-૧૫ સુધીમાં સંબધિત વિસ્તારના પોલીસ સ્ટેશનનું પોલીસ વેરીફીકેશન સર્ટીફિકેટ ફરજીયાત રજુ કરવાનું રહેશે.

૧૦.  આ નિમણુંક પામનારે અત્રેથી જણાવવામાં આવે તે સમય દરમિયાન સવાર તથા સાંજના સમયે ફરજ બજાવવાની રહેશે. ફરજનો સમયગાળો દિવસ દરમિયાન સામાન્ય રીતે ૮(આઠ) કલાકનો રહેશે.

૧૧. નિમણુંક પામેલ ઉમેદવારે ફરજ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાની ગરીમાને છાજે તેવું વર્તન કરવાનું રહેશે, જેમાં ચુક થયેથી કોઈપણ નોટીસ આપ્યા સિવાય છુટા કરવા સુધીના પગલાં ભરી શકાશે. શિસ્ત અંગેનો આખરી નિર્ણય રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૧૨. નિમણુંક પામનાર ઉમેદવારને અત્રેથી જણાવવામાં આવેલ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જીમ્નેશીયમ ખાતે ફરજ બજાવવાની રહેશે, ઉપરાંત ફરજના સમયગાળા દરમિયાન ફરજનું સ્થાન બદલી કરી શકાશે જે અંગે ઉમેદવાર બંધનકર્તા રહેશે.

૧૩. ઉમેદવારે નિયત નમુનાનુ અરજીપત્રક સ્વહસ્તાક્ષરે ભરી, જરૂરી આધારપુરાવા સામેલ રાખી, ફક્ત સ્પીડ પોસ્ટ મારફત શ્રી વિર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ સંકુલ, રેસકોર્ષ, રાજકોટ ખાતે મોકલવાના રહેશે. સમયમર્યાદા બાદ, અધુરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામા આવશે નહિ.

૧૪. ઉપરોક્ત લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારોએ નિયત નમુનામાં તા.૨૦/૦૫/૨૦૨૬ સુધીમાં કચેરી કામકાજના સમય દરમિયાન ફક્ત સ્પીડ પોસ્ટ મારફત ઉપર જણાવેલ સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે.